

વાયબ્રન્ટ ગુજરાત - વાયબ્રન્ટ ગાંધીનગર : જાન્યુઆરીના બીજા સપ્તાહમાં આંતરરાષ્ટ્રીય ગ્લોબલ સમિટ-૨૦૧૫ના પગલે ગાંધીનગર અને ગાંધીનગરને જોડતા માર્ગો સજાવાઈ રહ્યા છે. વૃક્ષોનું ટ્રીમીંગ થાય છે, રસ્તાઓ સાફ થાય છે, સેન્ટ્રલ વર્જ સુશોભિત કરાય છે અને ઠેર ઠેર સ્વાગતના હોર્ડીંગ્સ અને કમાનો લાગી રહી છે... વાયબ્રન્ટ ગુજરાતનો અમૂલ્ય અવસર ગાંધીનગરના આંગણે યોજાવાનો છે ત્યારે ગાંધીનગરમાં અનોખો ઉત્સાહ નિર્માણ થઈ રહ્યો છે... (તસવીર : દિપક જાની)

# નાણાંપંચની ગ્રાન્ટમાંથી વિકાસ કામો સૂચવવા પ્રમુખને સત્તા સોંપવા હિલચાલ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ૧૩મા નાણાં પંચની ગ્રાન્ટમાંથી મળનારા પ્રથમ હપ્તાના નાણાંમાંથી કામો સૂચવવા માટેની સત્તા હવે પ્રમુખને સોંપવા બાબતે વિચારણા ચાલી રહી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ૧૩મા નાણાં પંચની ગાઈડલાઈનમાં જે કામો દર્શાવાયા છે તે જ પ્રમાણે કામો સૂચવી શકાય તેમજ વિકાસને વધુ વેગીલો બનાવી અને ગ્રામીણ વિસ્તારમાં સુવિધાઓનો વધારો થાય તે હેતુ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે નાણાંપંચની ગ્રાન્ટ પેટે આ વખતે ૬૦ લાખ જેટલી રકમનો પ્રથમ હપ્તો છુટો થઈ આવ્યો છે. હવે સભ્યો દ્વારા જો આ કામો સૂચવવામાં આવે તો તેમાં પુવરાવર્તીત કામો, ગાઈડ લાઈન પ્રમાણે કામો ન સૂચવાતાં વિકાસના કામો શરુ કરવામાં વિલંબ થાય છે તેમજ હેતુફેર કરવામાં પણ ફાઈલો પર સમય જતો હોય છે.

જિલ્લામાં વિકાસના કામો ઝડપી બનાવવા માટે આ સત્તા સોંપણીનો મુદ્દો સામાન્ય સભાની વિચારણા માટે પણ રજુ કરાયો છે. અગાઉ આ કામો કારોબારી સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવતા હતા હવે કારોબારી સમિતિની સત્તાઓ લઈ લેવામાં આવી છે અને સામાન્ય સભા પાસે આ સત્તા છે.

સામાન્ય સભા ૩ માસે મળતી હોય છે. આ બધો વિલંબ નિવારવા માટે પંચાયત પ્રમખને સત્તા સોંપવામાં આવે જેઓ થયેલા કામો ઝડપથી પૂરા થાય તેમજ નવા કામો ઝડપથી હાથ ધરી શકાય અને જૂના નવા કામોમાં

● અનુસંધાન પાન-૭ પર

# નગરપાલિકાઓ વેરા વસુલાત સઘન બનાવે

## કચેરીઓ દ્વારા વસુલાતની વિગતો સમયસર નહિ મોકલાતી હોવા અંગે પણ નારાજગી વ્યક્ત કરતા કલેક્ટર

ગાંધીનગર, તા. ૧૫

સરકારી લેણાંની વસુલાત પર તેમજ નગરપાલિકાઓ પણ વેરા વસુલાતની કામગીરી સઘન બનાવે તેવી કડક તાકીદ આજે જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં કરવામાં આવી હતી.

આજે જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં જિલ્લાની ચારેય નગરપાલિકામાં નબળી વસુલાત અંગે નારાજગી વ્યક્ત કરવામાં આવીહતી. તેમજ પાણી પુરવઠા બોર્ડને ચુકવણીમાં થઈ રહેલા વિલંબને લઈ વસુલાત સઘન બનાવવા માટે કડક તાકીદ કરવામાં આવી હતી.

આજની આ બેઠકમાં જિલ્લાની વિવિધ કચેરીઓ દ્વારા સમયસર પત્રકો મોકલવામાં નહિ આવતા હોવાની બાબતે ગંભીર ચિંતાની લાગણી વ્યક્ત કરી કલેક્ટર શ્રી રવિશંકરે શાખાધિકારીઓને તેમજ કચેરીના વડાઓને અંગત કાળજી લેવા જણાવ્યું હતું.

જિલ્લા કલેક્ટરશ્રીએ નાગરિક અધિકાર પત્ર અંતર્ગત આપવામાં આવતી સેવાઓનો સમયસર નિકાલ થાય તેના પર તંત્ર વિશેષ ધ્યાનન આપે તેવો ભાર મુકી જણાવ્યું હતું કે ઝડપી નિકાલ માટે આ વ્યવસ્થા ઉભી કરાયેલી છે તે વાત ભુલવી જોઈએ નહિ.

આ બેઠકમાં કલોલના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોર, માણસાના ધારાસભ્ય શ્રી અમીતભાઈ ચૌધરી, ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર અને દહેગામના ધારાસભ્ય શ્રી કામિનીબા રાઠોડે પ્રજાહિતલક્ષી વિવિધ પ્રશ્નોની રજુઆત કરી હતી. આ અંગે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવા સંબંધિત અધિકારીશ્રીઓને જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે સૂચના આપી હતી.

આ બેઠકમાં ગતિશીલ ગુજરાત લક્ષ્યાંક ૧૦૦ દિવસના બીજા તબક્કાની કામગીરી અંગે, પડતર તુમારો, પગાર નિયત કરવા અંગે, પેન્શન કેસો બાબત, સીનીયોરીટી બાબત, ખાનગી અહેવાલ બાબત, અધિકારી-કર્મચારીઓને કોમ્પ્યુટર તાલીમ આપવા બાબત, નીચલી કચેરીનું નિરીક્ષણ કરવા બાબત, નાગરિક અધિકાર પત્ર અંગેની માહિતી બાબત, તકેદારી આયોગની કેસોની, એ.જી. પેરાની પૂર્તતા અંગે અને સરકારી બાકી લેણા વસુલાત અંગેની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી શ્રી રાઠોડે આગામી તા. ૨૦થી ૨૨ દરમ્યાન યોજાનાર ત્રિદિવસીય ગુણોત્સવ કાર્યક્રમમાં જિલ્લામાં કરવામાં આવેલ સુચારૂ આયોજનની વિસ્તૃત વાત કરી હતી. તેમજ ગુણોત્સવ કાર્યક્રમ દરમ્યાન ૩ મંત્રીશ્રીઓ અને ૩૭ સનદી અધિકારીશ્રીઓ સહિત જિલ્લા કક્ષાના અધિકારીશ્રીઓ વિવિધ શાળામાં ગુણોત્સવ દરમ્યાન જશે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિક્ટર મેકવાન, જિલ્લા પોલીસ વડા શ્રી શરદ સિંઘલ, નિવાસી અધિક કલેક્ટર શ્રી એમ.ડી. મોડિયા, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી સુધીરભાઈ પટેલ, કલોલ પ્રાંત અધિકારી શ્રી વી.જી. કાલરિયા તથા જિલ્લાની વિવિધ કચેરીઓના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સરકારી વસાહતના રસ્તાઓ સુધારવા વિભાગને દરખાસ્ત

## ખાનગી રહેણાંકમાં માર્ગ સુધારણાની કામગીરી પૂર્ણ

ગાંધીનગર, તા.૧૫

શહેરના સે-૨૦ થી૩૦માં આંતરિક માર્ગોની સુધારણાનું મોટા ભાગનું કામ પૂર્ણ કરી દેવાયું છે. જયારે સરકારી વસાહતમાં રસ્તાઓની કામગીરી હજુ બાકી છે. સરકારી આવાસમાં માર્ગ નવીનીકરણનું કામ હાથ ધરવા તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે.

શહેરમાં મોટા ભાગના રસ્તાઓની સુધારણાનું કામ પૂર્ણ કરી દેવાયું છે. આમ છતાં બાકી રહેતા કામોને અનુલક્ષી તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને પણ માર્ગ સુધારણાના વિવિધ કામો માટે રૂ. ૨૮૫૦ લાખના ખર્ચને મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવી છે. આ ઉપરાંત જૂના સેકટરોમાં સ્થિત સરકારી આવાસોના વિસ્તારમાં માર્ગ સુધારણાનું કામ થઈ શકે તે માટે ખર્ચની જોગવાઈ કરવા પણ તંત્ર કક્ષાએથી દરખાસ્ત કરી દેવાઈ છે. અગાઉ સે-૨૦ થી ૩૦ના આંતરિક વિસ્તારમાં સ્થિત ખાનગી વસાહતના માર્ગોની સુધારણાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. જયારે દિવાળી બાદ બાકીનું કામ પણ પૂર્ણ કરી દેવાયુંછે. જયારે હવે નગરના જૂના સેકટરોમાં સ્થિત સરકારી આવાસોના રસ્તાઓની સુધારણાનું કામ હાથ ધરવા માટે દરખાસ્ત કરી દેવાઈ છે. સરકારી વસાહતમાં રસ્તાઓની સુધારણાના કામને લઈ નિયત સમય પૂર્ણ થઈ ગયો હોવાથી આ વિસ્તારમાં માર્ગોને ચકાચક બનાવવાનું અનિવાર્ય હોવાનો પણ સૂર ઉઠવા પામ્યો છે.

# ડીઝીટલ ઈન્ડિયાના સંકલ્પને પાર પાડવા ગુજરાતની પહેલ

## ઇ-ગવર્નન્સના સર્વગ્રાહી વિકાસ અનુરૂપ ઇ-ગવર્નન્સ પોલિસી જાહેર કરતા મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ

- ડીજીટલ ગુજરાતના સ્વપ્નને સાકાર કરવાની પ્રતિબદ્ધતા
- સોશ્યલ મીડીયાના માધ્યમથી નાગરિકો સુધી પહોંચશે
- સ્વનિર્ભરતા માટે ડીજીટલ લીટરસીની નેમ
- મોબાઈલ ગવર્નન્સનો વ્યાપ વિસ્તારવામાં આવશે
- ૫૦૦ થી વધુ સેવાઓ ઈલેક્ટ્રોનિક્સ માધ્યમથી પુરી પાડવાનું આયોજન
- નવી આઈ.ટી કેડર



ગાંધીનગર, તા. ૧૫

મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબહેન પટેલે રાજ્યમાં ઈ-ગર્વન્સક્ષેત્રનાં સર્વગ્રાહી વિકાસ માટે અનુરૂપ ઈ-ગવર્નન્સ પોલિસી જાહેર કરી છે.

રાજ્ય સરકારના પ્રવક્તાશ્રી આરોગ્ય મંત્રીશ્રી નીતિનાઈ પટેલ અનેનાણા-ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આ નીતિની વિશેષતાઓની વિસ્તૃત માહિતી આપતા કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની 'ડીઝીટલ ઈન્ડિયા' સંકલ્પનાને સાકાર કરવાની દિશામાં તેમના માતૃ રાજ્ય ગુજરાતે એક નવતર પહેલ કરી છે.

આ પહેલ રૂપે સાયન્સ ટેકેનોલોજી મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાના માર્ગદર્શનમાં ગુજરાતની ઈ-ગવર્નન્સ પોલિસી (૨૦૧૪-૧૯) ને આખરી ઓપ આપવામાં આવ્યો છે.

પ્રવક્તા મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્ય સરકારે જાહેર કરેલી આ ઈ-ગવર્નન્સ પોલિસીમાં જી૨ જીએ એટલે કે ગવર્મેન્ટ ૨ ગવર્મેન્ટ અને જી૨ એટલે કે ગવર્મેન્ટ ૨ સિટીઝનનો ઉદ્દેશ કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યા છે.

તેમણે ઉમેર્યું કે ગુજરાતે તમામ ૧૮ હજાર ગામોને ઈ-ગ્રામ વિશ્વગ્રામ અંતર્ગત ઈન્ટરનેટ કનેક્ટીવીટીથી જોડવા સાથે નાગરિક સેવાલક્ષી બાબતોનું કોમ્પ્યુટાઈઝેશન અને જન ફરિયાદ નિવારણનો સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ તેમજ જમીન મહેસુલ સહિતના ડીઝીટાઈજેશનની

● અનુસંધાન પાન-૭ પર

# શિયાળો સ્વભાવ નહિ બતાવતા ગરમ વસ્ત્રો વેચતા ફેરીયાઓની હાલત કફોડી

ગાંધીનગર, તા. ૧૫

મહિના અને તિથિઓ મુજબ શિયાળાની શરૂઆત થઈ ચુકી છે. જેમાં સમય તેની ફરજ નિભાવી રહ્યો છે. પરંતુ શિયાળાના ગુણ મુજબની ઠંડી વર્તાતી નથી જેથી શિયાળા લગતા ધંધા વ્યવસાયમાં ઘરાકીનો અભાવ જોવા મળી રહ્યો છે. ફુટપાથ ઉપર ગરમ વસ્ત્રોનું વેચાણ કરતા ફેરીયાઓની દિવસભર બોણી પણ ન થતા તેમની હાલત કફોડી બનવા પામી છે. જો કે ઠંડી જ પડતી ન હોવાથી લોકો ખરીદીમાં નિરૂત્સાહી હોવાનું જણાઈ રહ્યું છે.

નગરમાં શિયાળાનું મહિના અને તિથિ મુજબ આગમન થઈ ચુક્યુ છે જેથી શિયાળામાં વેચાણ થતી ચિજવસ્તુઓને લઈને ફેરીયાઓ તથા દુકાનદારો ઉભા થઈ ગયા છે. પરંતુ શિયાળો પોતાના અસીસ મિજાજથી હાલ જોજનો દુર હોય તેમ ઠંડીનો અહેસાસ જ થતો નથી અને તેના વિરૂદ્ધ દિવસ દરમ્યાન ગરમી લાગી રહી છે. નગરમાં ઠેર ઠેર ગરમ વસ્ત્રો વેચતા ફેરીયાઓ ફુટપાથ ઉપર થોકબંધ માલનો જથ્થો લઈ યોગ્ય રીતે પ્રદર્શન કરી ગ્રાહકોને આકર્ષવાનો પ્રયત્ન કરતા નજરે પડે છે. ગરમી નામના ગ્રહણે ઠંડીને ભરખી લીધી હોય તેમ લોકો હજુ ઘરમાં જ પંખા અને એસીના સહારે છે જેથી પટારામાં પડ્યા રહેલા ગરમવસ્ત્રો જ બહાર કાઢ્યા નથી ત્યારે નવીન ગરમ વસ્ત્રો ખરીદવા એ હજુ સમય માંગી લે તેવું લાગી રહ્યું છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

**ગરમ વસ્ત્રોના વેચાણમાં ભારે મંદી, ખરીદીમાં લોકો હાલ નિરૂત્સાહી, વેપારીઓ આશાવાદી**

જે કારણે ફુટપાથ ઉપર જથ્થાબંધ માલસ્ટોક લઈ બેસેલા ગરમ વસ્ત્રોના ફેરીયાઓ હાલ બોણી પણ કરી નથી રહ્યા જેથી તેમને બે ટંક રોટલા પણ ગાંઠના થઈ રહ્યા છે. વેચાણમાં ભારે મંદીનો અહેસાસ તિબેટીયન માર્કેટ પણ અનુભવી રહ્યું છે. ગરમ વસ્ત્રોના વેચાણ કરતા હસમુખભાઈ નામના વેપારીએ જણાવ્યું હતું કે

● અનુસંધાન પાન-૭ પર

# વારંવાર પલ્ટાતા હવામાનથી જિલ્લાના ખેડૂતો ચિંતામાં

## રવી સીઝનના ઘઉંની વાવણી ટાણે પ્રતિકૂળ વાતાવરણને કારણે જગતનો તાત દ્વિધામાં : ઘઉંના સબસીડીવાળા બિયારણની અછતના કારણે બજારમાંથી મોંઘુદાટ બિયારણ ખરીદવું પડી રહ્યું છે

ચિલોડા, તા. ૧૫

ગાંધીનગર તાલુકાના ચિલોડા પંથકમાં ખેડૂતોએ રવિ સીઝનના પાક ઘઉંની વાવણી કરવાની તૈયારીઓ આરંભી છે. પરંતુ છેલ્લા અઠવાડિયામાં બદલાયેલા હવામાનને કારણે આ વાવણી પર ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. અધુરામાં પુરૂ ખેડૂતોને સબસીડીવાળા બિયારણ અછતને કારણે મળતા ન હોવાથી બજારમાંથી મોંઘા ભાવના બિયારણની ખરીદી કરવી પડી રહી છે.

એક તરફ શિયાળાના પ્રારંભે ખેડૂતોએ જ્યાં ઘઉંના વાવેતરની તૈયારીઓ હાથ ધરી ત્યાં હવામાનમાં આવેલા અચાનક પલ્ટાએ ખેડૂતોની તમામ ગણતરીઓ ઉંધી વાળી દીધી છે. ઠંડીની સીઝનમાં એકાએક ગરમીનું પ્રમાણ વધતા અને હવે બાફ અને વાદળછાયા વાતાવરણ સાથે વરસાદનો ખતરો વધતા જગતનો તાત ચિંતામાં મુકાયો છે. આ પ્રતિકૂળ સંજોગોને પસાર થવામાં દિવસો લાગે તેવું લાગતા રવી સીઝનની વાવણીમાં વિલંબ જણાઈ રહ્યો છે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

બીજી તરફ ઘઉંની વાવણી માટે ઉત્તમ બિયારણમાં મુખ્યત્વે ૪૯૬, ૧૭૩, ૨૭૩ અને લોકવન બિયારણ ગણાય છે. આ બિયારણમાં મુખ્યત્વે ઊંચીજાતના ૪૯૬ બિયારણની અછત વર્તાઈ રહી છે. જેના કારણે ખેડૂતો સબસીડી વગર ૪૦ કિલો બિયાણના ૧૩૦૦ રૂપિયાના બજારભાવે ખરીદી કરવા મજબૂર બની રહ્યા છે. સબસીડી સહિત પણ ખેડૂતોને બિયારણ ૪૦ કિલોના ૯૦૦ રૂપિયાના ભાવે મળી રહ્યું છે. પણ તે જરૂરિયાત પ્રમાણે મળતુ નથી. તેથી ખરા સમયે તેમને વધુ ખર્ચ કરવા મજબુર બનવુ પડી રહ્યુંછે. આ કારણે ખેડૂતોનું આર્થિક બજેટ ખોરવાઈ જવા પામ્યું છે. હાલ બટાકા અને ઘઉંની સીજનમાં બિયારણ અને ખાતરનો ખર્ચ વધી જવા પામ્યો છે તેથી ખેડૂતોમાં નિરાશાનું મોજુ ફેલાવા પામ્યું છે.

# દહેજની માંગણી કરી પત્નીને ત્રાસ આપતો પતિ ઓસ્ટ્રેલિયા ફરાર!

## દહેજ પ્રતિબંધ ધારાની કલમ અન્વયે ગુન્હો દાખલ કર્યો હતો : આરોપીના જામીન રદ કરવા દહેગામ કોર્ટમાં અરજી

ગાંધીનગર, તા.૧૫

પત્નીને શારિરીક-માનસિક ત્રાસ આપી દહેજની માંગણી કરવાના કેસમાં જામીન પર છૂટેલો પતિ ઓસ્ટ્રેલિયા નાસી જતા આરોપીના જામીન રદ કરવા દહેગામ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે.

આકેસની પ્રાપ્ય વિગત અનુસાર જિલ્લાના ધણપ ગામમાં રહેતા આશાબેન વીરાભાઈ પટેલના લગ્ન હાલીસા ગામમાં જીજ્ઞેશ નાતુભાઈ પટેલ સાથે થયા હતા. લગ્ન જીવનના ૫ વર્ષ દરમિયાન પરિણિતાને તેણીના પતિ જીજ્ઞેશ તેમજ સસરા નાથુભાઈ તેમજ સાસુ મેનાબેન દ્વારા શારિરીક-માનસિક ત્રાસ આપી વિદેશ જવા માટે રૂ. ૫ લાખના દહેજની માંગણી કરવામાં આવતી હોવાની ફરિયાદ અગાઉ દહેગામ પોલીસ મથકે થઈ હતી. દહેગામ પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ઈપીકો કલમ ૪૯૮ (ક) ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨) અને દહેજ પ્રતિબંધ ધારાની કલમ અન્વયે ગુન્હો દાખલ કર્યો હતો જયારે આ કેસ સંદર્ભે કોર્ટે આરોપીના શરતી જામીન મંજૂર કર્યા હતા. જેમાં કોર્ટે આરોપીનો પાસપોર્ટ પણ કોર્ટમાં જમા કરાવવા આદેશ કર્યો હતો. આ દરમિયાન આરોપીએ પાસપોર્ટ ન હોવાનું પુરશીસ રજુ કરી હતી પાસપોર્ટ આવશે ત્યારે કોર્ટમાં જમા કરાવીશ તેમ લેખિત જાણ કોર્ટને કરી હતી.આ દરમિયાન આરોપી જીજ્ઞેશ ઓસ્ટ્રેલિયા જવા રવાના થઈ જતા ફરિયાદીએ વકીલ મુકેશ અમીન મારફતે આરોપીના જામીન રદ કરવા દહેગામ કોર્ટમાં અરજી દાખલ કરી છે.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Y.A. MANSURI - M. : 9824049503
SANJAY S. SHAH P. Manubhai Medical
Since 1986
अभय
FEEL FREE, BE FEARLESS
• Corporate Gathering • Exhibitions • Celebrations • Marriage • Reception • Parties • Seminars
GOVT. APPROVED CONTRACTOR
IAF
JAS-ANZ
ISO 9001:2008
ABHAY DECORATORS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194, B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com, www.abhaydecorators.com

Carrier Programme
100% PLACEMENT
Work as a Manager
Salary : 15000/- Rs.
(After completion of Course)
- Edu. Qalification -
12th Pass & above
B.Com, B.A. & MBA
Preffered
Contact No. 93270 54283

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com